

## નકલંક

મોહન પરમાર

લોકપ્રિય પ્રકાશન (મુંબઇ)

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર, ૧૯૯૧, કિંમત : રૂ. ૫૦, પાનાં : ૨૫૯

*નવમા-દસમા દાયકાના સફળ વાર્તાકારનો બીજો વાર્તાસંગ્રહ. ૨૨ વાર્તાઓમાં હિરવણું, નકલંક, આંધુ, વાડો જેવી વાર્તાઓ દલિતજીવનને આલેખે છે.*

'નકલંક' એક સુદીર્ઘ નવલિકા હોવા છતાં આંતરસમ્બન્ધોની ચુસ્તી ધરાવે છે. જુનવાણી થયા વિના એ સામાજિક હેતુ સૂચવે છે, વર્ગીય પૂર્વગ્રહ દાખવ્યા વિના પણ એ દલિત વાર્તા બને છે.

- રઘુવીર ચૌધરી

## નવલ ગ્રંથાવલિ

તારણ કાઢનાર : નરહરિ દ્વારકાદાસ પરીખ

ગુજરાત વિદ્યાપીઠ

પ્રથમ આવૃત્તિ (પુનર્મુદ્રણ) : ૧૯૬૬, કિંમત : રૂ.૮, પાનાં : ૩૭૨

*નવલરામનું ટૂંકું જીવનચરિત્ર અને સાહિત્ય-ભાષા-જોડણી ઇત્યાદિ સંબંધિત તેમનાં લખાણોનું સંપાદન*

જેનું 'યા હોમ કરીને પડો' એ જ સુધારાના દળને આજ્ઞાવચન હતું અને જેને લડાઇનો ઝંડો લઇ આગળ ધૂમવાના મહા મહા કોડ હતા અને જેણે સુધારની ફતેહનો વર્તારો કાઢી આગળથી જ વધાઇ માગેલી, તે કવિ નર્મદ હાલ એવો જોષ જુએ છે કે સુધારો પડી ભાંગ્યો! પડી ભાંગવો જોઇતો જ હતો અને પડી ભાંગ્યો તે બહુ સારું થયું! શો કાળનો અજબ ફેરફાર! એક દશકામાં કવિના વિચાર તદ્દન બદલાઇ ગયા છે. તેમાં જમીનઆસમાનનું અંતર પડી ગયું છે. તે પશ્ચિમથી છેક પૂર્વ બિંદુએ આવી ચડ્યા - પૃથ્વીની દૈનિક ગતિને અનુસરી...સુધારાના 'બ્યૂગલ'નો રાગ કવિમુખે બદલાઇ ગયો છે, સૂર નીચા પડ્યા છે, ગત ધીમી ચાલે છે, ને 'યા હોમ' વગેરે પહેલાંના મસ્ત બોલને ઠેકાણે 'ભાઇ, ભૂલ્યા રે પાછા હઠો, હઠે દુઃખ ભાગે' એવું કાંઇ દૂરથી રણમેદાનમાં કાને પડે છે.





## નવસંધાન

(પ્રગતિશીલ વાર્તાઓનો સંગ્રહ)

સંપાદન : પ્રેમનાથ મહેતા

પીપલ્સ બુક હાઉસ

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૦, કિંમત : રૂ. ૨૦, પાનાં : ૧૩૧

બકુલેશ, જયંત ખત્રી, ચંદ્રકાંત બક્ષી, દિલીપ રાણપુરા, જશવન્ત મહેતા સહિતના વાર્તાકારોની ૧૭ વાર્તાઓનો સંગ્રહ. આભડછેટ, કોમવાદ, શોષણ, ગરીબી-બેકારી, ભ્રષ્ટાચાર, દંભ-પાખંડ વગેરેને સ્પર્શતી વાર્તાઓ.આઝાદીના સાડા ત્રણ દાયકા બાદ પણ હજી ગરીબી, આભડછેટ, કોમી એકતા, વર્ણભેદ, શોષણ, અત્યાચાર, હિંસા - અનેક પ્રશ્નો આપણા સમાજને હજી સંતાપી રહ્યા છે. રૂઢિચુસ્તતા, વહેમ અને અંધશ્રદ્ધા, જ્ઞાન વિરોધવાદ, વૈચારિક સંકીર્ણતા વગેરે. પ્રગતિવિરોધી અનેક અનિષ્ટો સમાજમાં અસ્તિત્વ ધરાવે છે. આ બધાની સામે પોતાનું સામાજિક દાયિત્વ નિભાવનાર સર્જકોની ગુજરાતમાં ખોટ નથી. એટલે જ ગુજરાતી સાહિત્યમાં ધ્યેયનિષ્ઠ સાહિત્ય સર્જાતું રહે છે. પ્રશ્ન છે - એ પ્રકારના સાહિત્યને સંગઠિતરૂપે સમાજ સામે મૂકવાનો.આ વાર્તાસંગ્રહ એક એવો યત્કિંચિત પ્રયાસ છે. (પ્રસ્તાવનામાંથી)

## નામરુપ



અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

આર.આર. શેઠની કંપની

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૧૯૮૧,

કિંમત : રૂ. ૧૪, પાનાં : ૧૫૯

*'ખોવાયેલો ભગવાન' સહિતના ૨૦ ચરિત્રનિબંધો.*

ભગુ 'પ્રૉબ્લેમ ચાઇલ્ડ' નહોતો. સ્વભાવે સરળ. એની કપરી પરિસ્થિતિ એને મન તો સ્વાભાવિક જ હતી. એથી મને એક તરફથી નિરાંત લાગતી ને બીજી તરફથી દુઃખ થતું. ચોરી કરવાનું કે ખિસ્સાં કાતરવાનું એ શીખ્યો નહોતો. પણ એકવાર મેં એને મારામારી કરતો જોયો. બિલિમોરાના એસ.ટી. સ્ટેન્ડે એની ઉંમરના ત્રણ-ચાર બૂટપૉલિશવાળા છોકરાઓ ઝનૂનપૂર્વક લડે. ભગુ જીવ પર આવીને ડબ્બીઓ અને બ્રશ ભરેલી એની થેલી વીંઝે. હું પહોંચ્યો. ફરિયાદના અવાજમાં ભગુ કહે છે કે પેલો રવલો કહે છે કે સવતંતર પક્ષ જીતશે; તમે જ કયો શાયેબ, એ માર ના ખાય?

'સ્વતંત્ર પક્ષ શું છે?' મેં પૂછ્યું. એ મોં વકાસીને મારી સામે જોઈ રહ્યો. આ બનાવને થોડા દિવસ વિત્યા હશે ને મેં એને એક સરઘસમાં 'સ્વતંત્ર પક્ષ ઝિંદાબાદ'ના નારા લગાવતો જોયેલો!



## નાયિકા-પ્રવેશ

સંપાદન : હિમાંશી શેલત, અદિતિ દેસાઇ

સમર્થ ટ્રસ્ટ, અમદાવાદ

પ્રથમ આવૃત્તિ : ઑગસ્ટ, ૨૦૦૪, કિંમત : રૂ. ૫૦, પાનાં : ૧૮૦

*સ્ત્રીઓની સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને રચાયેલાં ૧૦ સ્ત્રી લેખિકાઓનાં ૧૦ એકાંકીઓ.*

વલસાડ ખાતે અમે વર્કશૉપ યોજી એમાં બારેક લેખિકાઓને નિમંત્રણ આપ્યું. પોતાની કે અન્યની, પણ નારીની હયાતી સાથે સંકળાયેલી સમસ્યા અને સંઘર્ષને વાચા આપતી રચના પસંદ કરી એનું નાટ્યરૂપાંતર કરવાનો ઉપક્રમ હાથ ધરવામાં આવ્યો. વર્કશૉપના એ ત્રણ દિવસ અમારે માટે પડકાર અને ઉત્તેજનાના, ઉત્સાહ અને સંતોષના હતા. સાથે હોવાનું સુખ, સર્જન સાથે સંકળાયેલા વિવિધ મુદ્દાઓની ચર્ચા, આનંદ અને અંગત અવસાદ જેવા અનેક ભાવોની વચ્ચે રચાયેલાં આ દસ નાટકો અહીં પ્રસ્તુત છે. સ્ત્રીઓની ન્યાય અને સમાન અધિકાર માટેની લડત, સ્વતંત્રતા અને પોતના સ્થાનની શોધ, પોતાનાં સ્વપ્નોને સિદ્ધ કરવાનો સંઘર્ષ અને કૌટુંબિક હિંસાચાર સામે પ્રતિકાર જેવા મુદ્દાઓને સ્પર્શતાં આ નાટકો આ વર્કશૉપની જ પ્રાપ્તિ છે. (પ્રસ્તાવનામાંથી)